માજી રેસલર નરસિંહ યાદવ WFI એથ્લેટ પેનલના અધ્યક્ષ તરીકે ચૂંટાયો

વારાણસી : માજી રેસલર નરસિંહ પંચમ યાદવને બુધવારે અહીં રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ડબલ્યુએફઆઇ) ના એથ્લેટ્સ કમિશનના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યો હતો, જેનાથી રમતની વિશ્વ સંચાલક મંડળ દ્વારા ફરજિયાત કરવામાં આવેલી પ્રક્રિયા પૂર્ણ થઇ હતી. કમિશનમાં સાત જગ્યાઓ માટે કુલ આઠ દાવેદારો સ્પર્ધામાં હતા અને મતદાન બાદ સાત સભ્યોની પસંદગી કરવામાં આવી હતી. અન્ય સભ્યોમાં દિલ્હીથી સાહિલ, કેરળથી સ્મિતા એએસ, ઉત્તર પ્રદેશથી ભારતીય ભાગી, ગુજરાતમાંથી ખુશ્બુ એસ પવાર, હરિયાણાથી નિક્કી અને બંગાળથી શ્વેતા દુબેનો સમાવેશ થાય છે.

આઇપીએલ પોઇન્ટ ટેબલ

ક્રમ	ટીમ	મેચ	જીત	હાર	પોઇન્ટ	રનરેટ
1	આરઆર	8	7	1	14	0.698
2	કેકેઆર	7	5	2	10	1.206
3	એસઆરએચ	7	5	2	10	0.914
4	એલએસજી	8	5	3	10	0.148
5	સીએસકે	8	4	4	8	0.415
6	ડીસી	9	4	5	8	-0.386
7	જીટી	9	4	5	8	-0.974
8	એમઆઇ	8	3	5	6	-0.277
9	પીબીકેએસ	8	2	6	4	-0.292
10	આરસીબી	8	1	7	2	-1.046

દિલ ધડક રોમાંચક મેચમાં દિલ્હીએ ગુજરાતને 4 રને હરાવ્યું

ઋષભ પંતના નોટઆઉટ 88 અને અક્ષર પટેલના 66 રનની મદદથી દિલ્હીએ ગુજરાત સામે 225 રનનો લક્ષ્યાંક મૂક્યો

સુદર્શન અને મિલરની અર્ધસદી અને અંતિમ ઓવરમાં રાશિદની ફટકાબાજી છતાં ગુજરાત ટાઇટન્સ 220 રન સુધી જ પહોંચ્યું

નવી દિલ્હી, તા 24 : આઈપીએલમાં આજે બુધવારે અહીં રમાયેલી એક મેચમાં કેપ્ટન ઋષભ પંત અને અક્ષર પટેલની અર્ધ સદી અને તેમની વચ્ચે ચોથી વિકેટ માટે સદીની ભાગીદારીથી દિલ્હી કેપિટલ્સે ખરાબ શરૂઆતમાંથી બહાર આવીને 4 વિકેટે 224 રનનો સ્કોર કરીને મૂકેલા 225 રનના લક્ષ્યાંક સામે ગુજરાત ટાઇટન્સ 8 વિકેટે 220 રન સુધી જ પહોંચતા દિલ્હી કેપિટલ્સ 4 રને જીત્યું હતું.

લક્ષ્યાંક કબજે કરવા ઉતરેલી ગુજરાત ટાઈટન્સની શરૂઆત સારી રહી નહોતી. જો કે સાહા અને સુદર્શને 82 રનની ભાગીદારી કરી હતી. સાહા 39 અને સુદર્શન 65 રન કરીને આઉટ થયા હતા. જ્યારે મિલર 55 રન કરીને આઉટ થયો હતો. અંતિમ ઓવરોમાં રાશિદ ખાને 11 બોલમાં 21 રન કરીને દિલ્હીના ધબકારા વધારી દીધા હતા પણ અંતે ગુજરાતનો પનો 4 રન ટૂંકો પડ્યો હતો.

ટાઇટન્સના કેપ્ટન શુભમન ગિલે ટોસ જીતીને દિલ્હીને બેટિંગ માટે આમંત્રણ આપ્યા પછી દિલ્હીએ પાવર પ્લેમાં 44 રનના સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવી હતી. તે પછી અક્ષર અને પંતે મળીને માત્ર ટીમની બાજી જ ન સુધારી પણ ઝડપી રન બનાવીને એક મજબૂત સ્કોર પર દિલ્હીને લઇ જવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ બંને વચ્ચે 113 રનની ભાગીદારી થઇ હતી. અક્ષર 43 બોલમાં 5 ચોગ્ગા અને 4 છગ્ગાની મદદથી 66 રન કરીને આઉટ થયો હતો. તે પછી પંત સાથે ટ્રિસ્ટન સ્ટબ્સે માત્ર 18 બોલમાં 67 રનની નોટઆઉટ ભાગીદારી કરી હતી. પંતે 43 બોલમાં 5 ચોગ્ગા અને 8 છગ્ગાની મદદથી 88 રને અને સ્ટબ્સ 7 બોલમાં 3 ચોગ્ગા, 2 છગ્ગાની મદદથી 26 રને નોટઆઉટ રહ્યા હતા. દિલ્હીની ટીમ છેલ્લી પાંચ ઓવરમાં 97 રન ઉમેરવામાં સફળ રહી હતી.

દિલ્હી કેપિટલ્સ

	રન	બોલ	4	6
પૃથ્વી કો.નૂર બો.સંદીપ	11	7	2	0
મેકગર્ક કો.નૂર બો.સંદીપ	23	14	2	2
અક્ષર કો.કિશોર બો.નૂર	66	43	5	4
હોપ કો.રાશિદ બો.સંદીપ	5	6	1	0
પંત નોટઆઉટ	88	43	5	8
સ્ટબ્સ નોટઆઉટ	26	7	3	2
વધારાના	5			
કુલ (20 ઓવર્સમાં 4 વિકેટે)	224			

વિકેટપતન : 1/35, 2/36, 3/44, 4/157

બોલિંગ

	O	M	R	W
અઝમતુલ્લા ઓમરઝઇ	4	0	33	0
સંદીપ વોરિયર	3	0	15	3
રાશિદ ખાન	4	0	35	0
નૂર અહેમદ	3	0	36	1
મોહિત શર્મા	4	0	73	0
શાહરૂખ ખાન	1	0	8	0
સાઇ કિશોર	1	0	22	0

ગુજરાત ટાઇટન્સ

	રન	બોલ	4	6
સાહા કો.અક્ષર બો.કુલદીપ	39	25	5	1
ગીલ કો.અક્ષર બો.નોર્કિયા	6	5	1	0
સુદર્શન કો.અક્ષર બો.રસીક	65	39	7	2
ઓમરઝઇ કો.મેકગર્ક બો.અક્ષર	1	2	0	0
મિલર કો.રસીક બો.મુકેશ	55	23	6	3
શાહરૂખ કો.પંત બો.રસીક	8	5	0	1
તેવટિયા કો.પંત બો.કુલદીપ	4	5	0	0
રાશિદ નોટઆઉટ	21	11	3	1
કિશોર બો.રસીક	13	6	0	2
મોહિત નોટઆઉટ	0	0	0	0
વધારાના	8			
કુલ (20 ઓવર્સમાં 8 વિકેટે)	220			

વિકેટપતન : 1/13, 2/95, 3/98, 4/121, 5/139, 6/152, 7/181, 8/206

બોલિંગ

	O	M	R	W
ખલીલ અહેમદ	2	0	26	0
એનરિક નોર્કિયા	3	0	48	1
રસિક સલામ	4	0	44	3
મુકેશ કુમાર	4	0	41	1
અક્ષર પટેલ	3	0	28	1
કુલદીપ યાદવ	4	0	29	2

આઈપીએલ ડાયરી

સીએસકેની બેટીંગ દરમિયાન કેમેરામેન પર નારાજ થઇને ધોનીએ પાણીની બોટલ ફેંકવાનો ઇશારો કર્યો

ચેન્નાઇ, તા. 24 : આઇપીએલમાં મંગળવારે અહીં રમાયેલી લખનૌ સુપર જાયન્ટ્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચેની મેચમાં સીએસકેની ઇનિંગ દરમિયાન જ્યારે અંતિમ ઓવરોમાં ઋતુરાજ ગાયકવાડ અને શિવમ દુબે આક્રમક બેટીંગ કરી રહ્યા હતા ત્યારે એ દરમિયાન કેમેરામેન સતત ડ્રેસિંગ રૂમમાં બેસેલા ધોનીને મેદાન પરની ટીવી સ્ક્રિન પર બતાવી રહ્યો હતો. આવામાં એક તબક્કે ધોની કેમેરામેન પર ખાસ્સો નારાજ થયો હતો અને તેણે પોતાના હાથમાંની પાણીની બોટલ તેના પર ફેંકીને મારવાનો ઇશારો કરીને કેમેરામેનને મેદાન પરની રમત પર ફોકસ કરવાનો ઇશારો જાણે કે કર્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે સનરાઈઝર્સ હૈદરાબાદની નજર ફરી રનોનું તોફાન કરવા પર

સનરાઇઝર્સ હૈદરાબાદના બેટ્સમેનો જે રીતે આક્રમક બેટીંગ કરે છે તેને જોતા તેઓ 300નો સ્કોર પણ કરી શકે છે

સાંજે 7.30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો સિનેમા પર

હૈદરાબાદ, તા. 24 (પીટીઆઈ) : સનરાઇઝર્સ હૈદરાબાદની ટીમ ગુરુવારે અહીં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) સામે મેદાનમાં ઉતરશે, ત્યારે તેઓ ફરીથી આક્રમક બેટિંગ કરીને રનનો ઢગલો કરવા માગશે. હાલની સિઝનમાં ત્રણ વખત 250 રનનો આંકડો પાર કરનાર સનરાઈઝર્સ હૈદરાબાદે તોફાની બેટિંગ કરીને મુંબઈ ઈન્ડિયન્સ તેનો પ્રથમ શિકાર બની હતી અને પછી બેંગલુરુમાં આરસીબી સામે ત્રણ વિકેટે 287 રન બનાવીને ટૂર્નામેન્ટનો સૌથી વધુ સ્કોર બનાવ્યો હતો.

આ ઓછુ હોય તેમ સનરાઇઝર્સે દિલ્હી કેપિટલ્સ સામે પાવરપ્લેમાં એકપણ વિકેટ ગુમાવ્યા વિના 125 રનનો રેકોર્ડ બનાવીને આઇપીએલમાં પ્રથમ વખત 300 રનનો આંકડો પાર કરવાની સંભાવના પણ ઊભી કરી હતી. આ સ્થિતિમા આવતીકાલે ગુરુવારે પણ આરસીબીના નબળા બોલિંગ આક્રમણ સામે સનરાઇઝર્સ કેટલાક રેકોર્ડ બનાવે તો નવાઈ નહીં. આઠમાંથી સાત મેચ હાર્યા બાદ ટેબલના તળિયે બેસેલી આરસીબી તેની છેલ્લી પાંચ મેચોમાં ઓછામાં ઓછા 180 રન આપ્યા છે અને છેલ્લી બે મેચમાં હરીફ ટીમે તેમની સામે 200થી વધુ રન બનાવ્યા છે. આરસીબીએ બેટિંગમાં જોરદાર જુસ્સો બતાવ્યો પરંતુ તેમ છતાં તેઓ કોલકાતા નાઈટ રાઈડર્સ સામે માત્ર એક રનથી હારી ગયા હતા.

ICCએ યુસૈન બોલ્ટને ટી-20 વર્લ્ડકપ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યો

કેરેબિયનમાં ક્રિકેટ જીવનનો એક ભાગ છે, આ રમત હંમેશા મારા હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે : બોલ્ટ

દુબઈ, તા. 24 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ દિગ્ગજ દોડવીર યુસૈન બોલ્ટને 1 થી 29 જૂન દરમિયાન વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાનારા આગામી ટી-20 વર્લ્ડકપના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યો છે. જમૈકામાં જન્મેલા બોલ્ટે બેઈજિંગમાં 2008 ઓલિમ્પિક ગેમ્સમાં ઈતિહાસ રચ્યો હતો, જ્યાં તેણે વર્લ્ડ રેકોર્ડ સમયમાં 100 મીટર, 200 મીટર અને 4x100 મીટર રેસ જીતી હતી.

બોલ્ટ હાલમાં 100 મીટર, 200 મીટર અને 4x100 મીટરમાં અનુક્રમે 9.58 સેકન્ડ, 19.19 સેકન્ડ અને 36.84 સેકન્ડના સમય સાથે વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. બોલ્ટ વર્લ્ડકપ ઘરે આવવા અને તેની નવી ભૂમિકાને લઈને ઉત્સાહિત છે. બોલ્ટે આઈસીસી તરફથી એક રિલીઝમાં જણાવ્યું હતું કે હું આગામી આઈસીસી મેન્સ ટી-20 વર્લ્ડકપ માટે એમ્બેસેડર બનવા માટે રોમાંચિત છું. કેરેબિયનમાં ક્રિકેટ જીવનનો એક ભાગ છે, આ રમત હંમેશા મારા હૃદયમાં વિશેષ સ્થાન ધરાવે છે.

બોલ્ટે કહ્યું કે અમેરિકામાં ક્રિકેટ માટે માર્કેટ શોધવું એ મોટી વાત હશે. તેણે કહ્યું હતું કે હું વર્લ્ડકપમાં વેસ્ટ ઈન્ડિઝને સપોર્ટ કરીશ, પરંતુ અમેરિકામાં રમત લાવવી એ ક્રિકેટ માટે મોટી વાત છે. આ વિશ્વનું સૌથી મોટું સ્પોર્ટ્સ માર્કેટ છે. વર્લ્ડકપ એમ્બેસેડર તરીકે, બોલ્ટ ઈવેન્ટને પ્રોત્સાહન આપવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. જે આવતા અઠવાડિયે શોના સત્તાવાર ગીતના રિલીઝમાં પીઢ કલાકારો સીન પોલ અને કીઝના 'કેમિયો' સાથે શરૂ થશે.

નડાલ બોલ્યો : મેડ્રિડ ઓપન પહેલા 100 ટકા ફિટ નથી છતાં તેમાં રમીશ

મેડ્રિડ, તા. 24 : બાવીસ વખતનો ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન રાફેલ નડાલ સંપૂર્ણપણે ફિટ નથી પરંતુ તેમ છતાં તે મેડ્રિડ ઓપનમાં રમશે. તે આ મહિનાના અંતમાં જેમાં તે 14 વખત ચેમ્પિયન છે તે ફ્રેન્ચ ઓપનની તૈયારી કરવા અને રમવા માટે એટલો સકારાત્મક દેખાતો નથી. નડાલે બુધવારે કહ્યું હતું કે જો તે આ અઠવાડિયે મેડ્રિડમાં રમતા પહેલા જે લાગણી અનુભવતો હતો તેવો જ અનુભવ હોય તો તે પેરિસમાં નહીં રમે.

નડાલે કહ્યું હતું કે મને આ અઠવાડિયે એટલું સારું નથી લાગતું, જો તે મેડ્રિડ ન હોત તો હું કદાચ રમ્યો ન હોત. પરંતુ તેની સાથે ઘણી બધી લાગણીઓ જોડાયેલી છે. તેણે કહ્યું હતું કે મને ખબર નથી કે આગામી ત્રણ અઠવાડિયામાં શું થવાનું છે. પેરિસમાં રમવા માટે મારે જે કરવાની જરૂર છે તે પ્રયત્નો હું કરતો રહીશ. જો આ શક્ય છે તો તે પણ શક્ય છે. જો નહિ તો ના. જો હું આજે જે રીતે અનુભવું છું, જો હું પેરિસ પહેલાં એવું જ અનુભવું છું, તો હું રમીશ નહીં.

લોંગ જમ્પર મુરલી શ્રીશંકરે દોહામાં ઘૂંટણની સર્જરી કરાવી

ઓલિમ્પિક્સ માટેની ટ્રેનિંગ દરમિયાન ઘાયલ થયેલો શ્રીશંકર આખી સિઝનમાંથી આઉટ થઇ ગયો

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ) : ભારતના લાંબી કૂદના અનુભવી એથ્લેટ મુરલી શ્રીશંકરે દોહામાં તેના ઈજાગ્રસ્ત ઘૂંટણની સર્જરી કરાવી હતી. આ ઈજાના કારણે તે જુલાઈ-ઓગસ્ટમાં યોજાનારી પેરિસ ઓલિમ્પિક્સમાંથી બહાર થઈ ગયો છે. 25 વર્ષીય ખેલાડીની દોહામાં સર્જરી કરવામાં આવી હતી. શ્રીશંકરે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે દોહાની એસ્પેટ હોસ્પિટલ ખાતે ડો. બ્રુનો ઓલોરીના નેતૃત્વમાં સર્જરી સફળ રહી. આ મુશ્કેલ સમય દરમિયાન તમારા પ્રેમ અને આશીર્વાદ માટે આપ સૌનો આભાર. સર્જરીના માત્ર 18 કલાક પછી હું ચાલી શકવા માટે સક્ષમ છું. ડો. ઓલોરી ફ્રાન્સના ઓર્થોપેડિક સર્જન છે.

એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલિસ્ટ શ્રીશંકરે 8.37 મીટરના પ્રયાસ સાથે 2023 એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીતીને પેરિસ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય કર્યું હતું. તેને પ્રેક્ટિસ દરમિયાન આ ઈજા થઈ હતી જેના કારણે તે આખી સિઝન માટે રમતથી દૂર છે. શ્રીશંકરે પોતાની ઈજા વિશે સોશિયલ મીડિયા પોસ્ટમાં માહિતી આપી હતી. તેણે કહ્યું હતું કે, દુર્ભાગ્યે, તે એક દુઃસ્વપ્ન જેવું લાગે છે પરંતુ તે વાસ્તવિકતા છે, પેરિસ ઓલિમ્પિકનું મારું સપનું ચકનાચૂર થઈ ગયું છે.

પ્રથમ ગુજરાત સુપર લીગ (GSL)ની ટ્રોફીનું પરિમલ નથવાણીએ અનાવરણ કર્યું

ગુજરાતમાં ફૂટબોલની રમતને મજબૂત કરવા GSFAની આ એક મોટી પહેલ છે: નથવાણી

દરેક ટીમ એકબીજા સામે એક મેચ રમશે અને ટોચની બે ટીમ 12મી મે 2024ના રોજ સાંજે 7 વાગ્યે ફાઇનલ મેચ રમશે

તા. 1લી મેથી 12મી સુધી અમદાવાદ ખાતે ફૂટબોલ મેચ રમાશે, વિજેતા ટીમ 11 લાખ મેળવશે

GSL ટુનમિન્ટ 1લી મે થી 12મી મે 2024 દરમિયાન અમદાવાદમાં EKA એરેના, ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાવાની છે. દરેક ટીમ એકબીજા સામે એક મેચ રમશે અને ટોચની બે ટીમ 12મી મે 2024ના રોજ સાંજે 7 વાગ્યે ફાઇનલ મેચ રમશે. GSLમાં વિજેતા ટીમને રૂ. 11 લાખનું ઇનામ આપવામાં આવશે, જ્યારે રનર્સ અપ રહેનારી ટીમને રૂ. 5 લાખનું ઇનામ મળશે.

અમદાવાદઃ ગુજરાત સુપર લીગ (GSL)એ ગુજરાત રાજ્યમાં ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલની એક મોટી પહેલ છે. GSLમાટેની પ્રતિષ્ઠિત ટ્રોફીનું આજે રાજ્યસભા સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (GSFA) ના પ્રમુખ પરિમલ નથવાણી દ્વારા અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે GSLમાં ભાગ લેનારી ટીમના માલિકો, પ્રાયોજકો અને સમર્થકો હાજર રહ્યા હતા.

પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રથમ વખત ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગનો પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાતમાં ફૂટબોલની રમતને મજબૂત કરવા માટે GSFAની આ એક મોટી પહેલ છે. અમદાવાદ એવેન્જર્સ (ગોડ TMT અને વિવાન ધ રાઈટ સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ), ગાંધીનગર જાયન્ટ્સ (ANVI સ્પોર્ટ્સ), કર્ણાવતી નાઈટ્સ (ધ એડ્રેસ), સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ (અક્ષિતા કોટન લિમિટેડ અને બીલાઇન), સુરત સ્ટ્રાઇકર્સ (લોયલ ઈક્વિપમેન્ટ્સ લિમિટેડ), વડોદરા વોરિયર્સ (કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ) આમ, GSLટુર્નામેન્ટમાં જે છ ટીમ ભાગ લેશે.

તીરંદાજી વર્લ્ડકપ : ભારતીય પુરૂષો, મહિલા કમ્પાઉન્ડ ટીમોની નજર ગોલ્ડ પર

શાંઘાઈ, તા. 24 (પીટીઆઈ) : ભારતીય પુરૂષો અને મહિલા કમ્પાઉન્ડ તીરંદાજી ટીમોએ બુધવારે અહીં સિઝન-ઓપનિંગ તીરંદાજી વર્લ્ડ કપમાં ફાઇનલમાં પ્રવેશ કરીને દેશને મેડલ પાકો કરી દીધો હતો. આ સાથે ધીરજ બોમ્માદેવરાએ રાષ્ટ્રીય રેકોર્ડ તોડીને પુરુષોના રિકર્વ ક્વોલિફિકેશન રાઉન્ડમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. અનુભવી અભિષેક વર્મા, ઉભરતા તીરંદાજ પ્રથમેશ ભાલચંદ્ર ફૂગે અને વર્તમાન અંડર-21 વર્લ્ડ ચેમ્પિયન પ્રિયાંશે સમાવિષ્ટ ચોથી ક્રમાંકિત પુરુષ ટીમે ફિલિપાઈન્સ અને ડેનમાર્કને હરાવ્યા બાદ સેમિફાઈનલમાં કોરિયાના મજબૂત પડકારનો સામનો કર્યો હતો. શનિવારે રમાનારી ફાઈનલમાં ભારતીય પુરૂષ ટીમ નેધરલેન્ડ તરફથી પડકારનો સામનો કરશે. મહિલા કેટેગરીમાં વિશ્વ ચેમ્પિયન ભારતે તુર્કી અને એસ્ટોનિયાને હરાવીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. ટોચના ક્રમાંકિત ભારતને ફાઈનલમાં ઈટાલીના પડકારનો સામનો કરવો પડશે. અંડર-18 અને વરિષ્ઠ ચેમ્પિયન અદિતિ સ્વામીની ત્રણેય, એશિયન ગેમ્સની સુવર્ણ ચંદ્રક વિજેતા જ્યોતિ સુરેખા વેન્નમ અને પ્રનીત કૌર તેમની પ્રથમ બે મેચમાં માત્ર 10 પોઈન્ટથી હારી ગયા હતા.

ચોથી રાણા પ્રીમિયર લીગમાં ખંજૂરી ઇલેવન ચેમ્પિયન બની

સુરત : ચેમ્પ્સ દ્વારા આયોજીત ચોથી રાણા પ્રીમિયર લીગમાં કુલ 24 ટીમોએ ભાગ લીધો હતો અને પહેલીવાર તેમાં લીગ મેચોનું આયોજન કરાયું હતું. રાણા પ્રીમિયર લીગની ફાઇનલ ખંજુરી ઇલેવન અને જય અંબે ઇલેવન વચ્ચે રમાઇ હતી. જેમાં ખંજુરી ઇલેવન જય અંબે ઇલેવનને હરાવીને ચેમ્પિયન બની હતી. આ લીગનું આયોજન પીયુષ રાણા, ભાવેશ રાણા, જેનિશ રાણા, ધવલ રાણા, હેમંત રાણા, જીજ્ઞેશ રાણા અને હાર્દિક ઉપાધ્યાયે સાથે મળીને કર્યું હતું.

અનુસંધાન ... પાના છેલ્લાનું

ચૂંટણી રદ...

બેઠક પર આચારસંહિતાનો અમલ ચાલુ રાખવા માટે આદેશ કરાયો હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજ્ય ચૂંટણી પંચના આદેશને પગલે હવે સુરત બેઠકમાં સમાવિષ્ટ તમામ 7 વિધાનસભા બેઠકમાં જ્યાં સુધી ચૂંટણી પતે નહીં ત્યાં સુધી સ્ટેટિક ટીમની કામગીરી ચાલુ રહેશે. વાહનોની વિડીયોગ્રાફીથી માંડીને નાકાબંધી પણ ચાલુજ રાખવામાં આવશે. ચૂંટણી પંચનો સરવેથી માંડીને તમામ ટીમો દ્વારા પણ પોતાની કામગીરી ચાલુ જ રાખવામાં આવશે. વાહનોમાં રોકડ રકમની હેરફેરથી માંડીને પોલીસ દ્વારા વાહનોનું ચેકિંગ સહિતની તમામ કામગીરી સુરત લોકસભા બેઠકમાં પણ આગામી તા.7મી મે સુધી યથાવત રહેશે.

સુરત બેઠક...

કહેવા પ્રમાણે, ભલે ચૂંટણી રદ થઈ હોય પરંતુ કેટલાકની ઈલેક્શન ડ્યુટી ચાલુજ રહેશે. આ માટે આગામી દિવસોમાં કોમ્યુટરાઈઝ રેન્ડમાઈઝેશન કરીને હવે કોને કોને ચૂંટણી પ્રક્રિયામાં જવાબદારી સોંપવી તે નક્કી થશે. ચૂંટણી પંચ દ્વારા આ મામલે નવેસરથી ઓર્ડરો મોકલવામાં આવ્યા બાદ જ ખબર પડશે કે કોને કોને ઈલેક્શન ડ્યુટીમાંથી મુક્તિ મળી છે.

સુરત બેઠકનું...

શહેરમાં આવેલા બારડોલી લોકસભા બેઠકના વિસ્તારો અને નવસારી લોકસભા બેઠકના મતવિસ્તારમાં તમારી લોકસભા બેઠકમાં મતદાન અચૂક કરવા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવશે.

બારડોલી લોકસભા બેઠકમાં માંગરોળ, માંડવી, કામરેજ, મહુવા અને બારડોલી વિધાનસભા બેઠક સુરત જિલ્લામાં આવેલી છે. સુરત શહેરમાં કામરેજ વિધાનસભાના મતદારો નોંધાયેલા છે. એવી જ રીતે નવસારી લોકસભા બેઠકમાં સુરત શહેરના મજૂરા, લિંબાયત, ઉધના અને ચોર્યાસી વિધાનસભા બેઠકના મતદારો રહે છે. તેમના મતદાનનું આયોજન ચાલી રહ્યું છે. ઘણા મતદારોને સીમાંકન અને બેઠકની માહિતી હોતી નથી તેઓ સુરતમાં ચૂંટણી થવાની નથી એવી માઉથ પબ્લિસિટી કરતાં નીરસ મતદાનનો ભય ઊભો થયો છે.

ભાજપ વિરુદ્ધ...

આવતા ક્ષત્રિય સમાજના યુવાનોએ 24 કલાકમાં આ કાર્યાલય ખાલી કરી નાખવાનું અલ્ટીમેટમ આપ્યું હતું. સાથે જ ક્ષત્રિય યુવકોએ કહ્યું હતું કે જો આ કાર્યાલય ખાલી નહીં કરાય તો રાજ્યભરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. જેના પગલે ક્ષત્રિય સમાજના યુવકોએ આપેલું અલ્ટીમેટમ પૂર્ણ થાય તે પહેલા જ ભાજપે ક્ષત્રિય સમાજની જગ્યામાં ખોલેલું મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય બંધ કરી, આ કાર્યાલયને અન્ય સ્થળે લઈ ગયા હતા.

રૂપાલા વિવાદ:...

તથા રત્નાકર સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, ભાવનગર, બનાસકાંઠા, કચ્છ અને આજે સાબરકાંઠા તથા આણંદ જિલ્લાની મુલાકાત લઈ ચૂક્યા છે. રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ દેશી રજવાડા વિશે કરેલી ટિપ્પણીના પગલે રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે ક્ષત્રિય સમાજ દ્વારા પાટીદાર આંદોલનની પેટર્ન પર આંદોલન શરૂ કરાયું છે. જોકે ક્ષત્રિય સમાજના આંદોલનથી ભાજપને બને ત્યાં સુધી ઓછામાં ઓછું નુકસાન થાય તેવા પ્રદેશ નેતાગીરી દ્વારા પ્રયાસ થઈ રહ્યાં છે.

ઝાડેશ્વરમાં પ્રદેશ...

પોકાર્યા હતા. યુવાનોએ ઉગ્ર વિરોધ કરતાં પોલીસે દોડી આવી તેમને અટકાવ્યા હતા. અને પોલીસ જીપમાં ૧૨ યુવાનને બેસાડી દીધા હતા.સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર સુરતથી ક્ષત્રિય સમાજના પોલીસ અધિકારીઓને ભરૂચમાં ગોઠવી દેવાયા છે.

સુરત એરપોર્ટનાં...

સંબંધિત જરૂરી દસ્તાવેજો DGCAને સબમિટ કરવામાં આવ્યા હતાં. ડીજીસીએ દ્વારા નિરીક્ષણ કર્યા પછી અવલોકનો, કવેરીઓ ઊભી કરવામાં આવી હતી અને તેના જવાબમાં ફોટોગ્રાફ્સ વગેરે સાથે ફરિયાદ રિપોર્ટ સબમિટ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં, ડીજીસીએએ સુરત એરપોર્ટ ઓથોરિટીને ઈ-જીસીએ પોર્ટલ દ્વારા અરજી સહિતના દસ્તાવેજો સબમિટ કરવાનું કહ્યું હતું અને તે ડીજીસીએ પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યું છે. એ પછી પેરેલલ ટેક્સી ટ્રેક ફેઝ -1ને એર ઓપરેશનમાં લેવા મંજૂરી આપી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ 72 કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલા આ પ્રોજેક્ટના ફેઝ -1ની મંજુરી આવી જતા એરલાઈન્સ કંપનીઓ સુરતથી નવી ફ્લાઈટ શરૂ કરવા આયોજન કરી શકશે. જો કે PTTનાં ફેઝ -2ની કામગીરી 5 વર્ષે પણ પૂર્ણ થઈ નથી, ત્યારે કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવાને બદલે એરપોર્ટ ઓથોરિટીનું તંત્ર છાવરી રહ્યું છે.

શહેરમાં પાલિકાએ...

કરતી એક સંસ્થાના સેમ્પલ ફેઈલ નીકળ્યા હતા. જયારે મરી મસાલાનું વેચાણ કરતી સંસ્થાઓમાંથી પણ સેમ્પલો લેવામાં આવ્યા હતા. જેમાં ત્રણ સંસ્થાના સેમ્પલો ફેઈલ નીકળતા મનપા દ્વારા તમામ સામે કોર્ટમાં કેસ કરવાની તૈયારી કરવામાં આવી છે. જો કે ફૂડ વિભાગના અધિકારીઓ અને ખુદ ફૂડ એનાલીસીસ્ટને ચોખા અને મરચામાં જે વાંધાજનક ચીજો મળી તેના કારણે આરોગ્યને શુ નુકશાન જાય તેની ખબર જ નથી.

અગાઉ મનપાના ફુડ વિભાગે તારીખ 13/4/2024 થી 16/4/2024 ના સમયગાળા દરમિયાન 15 સંસ્થાઓમાંથી 17 જેટલા નમુનાઓ લઈ તપાસ માટે પાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા. જેનું આજરોજ પરિણામ આવતા લિંબાયત વિસ્તારમાં મધુનગર પ્લોટ નંબર 2 ખાતે આવેલી સરદાર ભગતસિંગ ટ્રેડર્સના ચોખાનું સેમ્પલ ફેઈલ નીકળ્યું છે. જેમાં ચોખામાં ચેલકી કેરનેસનું પ્રમાણ મેક્સિમમ પાંચ ટકા હોવું જોઈએ જેના કરતા તપાસમાં વધુ નીકળી આવ્યું હતું. આ ઉપરાંત આરોગ્ય વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા 17 સંસ્થાઓમાંથી 19 જેટલા મરી મસાલાના નમૂનાઓ લઈ કરાયેલી તપાસમાં અડાજણ વિસ્તારમાં આનંદ મહેલ રોડ પર સાગર કોમ્પ્લેક્સની સામે આવેલા જલારામ મસાલા સેન્ટર તથા સરથાણા વિસ્તારમાં ડીમાર્ટની બાજુમાં આવેલા જય બુટભવાની મરચા ફાર્મ અને કતારગામમાં પંચવટી સોસાયટી પાસે રમણપાર્ક સોસાયટીમાં આવેલા ગુરુકૃપા મસાલામાંથી લેવાયેલા સેમ્પલો ફેઈલ નીકળ